પરિચય વિભાગ By www.tethtatguru.com

# સાહિત્યકારો પરિચય પાર્ટ- ૯

www.tethtatguru.com

## કનૈયાલાલ મુનશી

---

| કનૈયાલાલ મુનશી | |
|---|---|
|  કનૈયાલાલ મુનશી (મુનશી ગ્રંથાવલીનાં મુખપૃષ્ઠ પરનું ચિત્ર) | |
| જન્મ | ડિસેમ્બર ૩૦, ૧૮૮૭<br>ભરૂચ |
| મૃત્યુ | ફેબ્રુઆરી ૮, ૧૯૭૧<br>મુંબઇ |
| વ્યવસાય | વકીલાત, સાહિત્યકાર |
| રાષ્ટ્રિયતા | ભારતીય |

**કનૈયાલાલ માણેકલાલ મુનશી** (**ક. મા. મુનશી**; ઉપનામ: ઘનશ્યામ વ્યાસ[૧]) (૧૮૮૭-૧૯૭૧) ગુજરાતી ભાષાના જાણીતા નવલકથાકાર, નાટ્યકાર, વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર હતા. તેમનો જન્મ ૩૦ ડિસેમ્બર ૧૮૮૭ના રોજ ભરૂચમાં થયો હતો. તેમના પિતાનું નામ માણેકલાલ અને માતાનું નામ તાપી બા હતું. ૧૯૦૧માં તેમણે મૅટ્રિકની પરિક્ષા પાસ કરીને ૧૯૦૨માં વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ઓગણીસ વર્ષની ઉંમરે 'એલિસ પ્રાઈઝ' સાથે તેમણે વિનયનના સ્નાતકની પદવી મેળવી અને ૧૯૧૦માં એલ.એલ.બી.ની પરિક્ષામાં ઉત્તિર્ણ થયા. ૧૯૧૩માં મુંબઈમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. સાહિત્યની સેવાના પ્રારંભ રૂપે ૧૯૨૨માં 'ગુજરાત' માસિકનો પ્રારંભ કર્યો. તેમની સુદિર્ઘ કારકિર્દી દરમ્યાન ૧૯૩૭માં મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન, ૧૯૪૮માં રાષ્ટ્રની બંધારણ સભાના સભ્ય, એ પછી કેન્દ્રીય પ્રધાનમંડળમાં ખેતીવાડી ખાતાના પ્રધાન, ૧૯૫૨ની ચૂંટણી પછી ઉત્તરપ્રદેશના રાજ્યપાલ વગેરે જેવા હોદ્દા સંભાળ્યા. તેમણે ૧૯૩૮માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી અને ૧૯૩૭ ૧૯૪૯, ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ રહ્યા. ૮ ફેબ્રુઆરી ૧૯૭૧ના દીવસે ૮૩ વર્ષની જૈફ વયે મુંબઈમાં તેમનું અવસાન થયું

## જીવન

- ૧૯૦૪ - ભરૂચમાં મફત પુસ્તકાલયની સ્થાપના
- ૧૯૧૨ – 'ભાર્ગવ' માસિકની સ્થાપના
- ૧૯૧૫-૨૦ 'હોમરુલ લીગ'ના મંત્રી
- ૧૯૧૫ - ગાંધીજી આફ્રિકાથી પાછા આવ્યા તેમને આવકારવા સંમેલન યોજ્યું
- અલારખીયાના 'વીસમી સદી' માસિકમાં પ્રસિધ્ધ ધારાવાહિક નવલકથાઓ લખતા.
- ૧૯૨૨ - 'ગુજરાત' માસિકનું પ્રકાશન
- ૧૯૨૫ - મુંબઇ ધારાસભામાં ચુંટાયા
- ૧૯૨૬ - ગુજરાતી સાહિત્ય પરિષદના બંધારણના ઘડવૈયા
- ૧૯૩૦ - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં પ્રવેશ
- ૧૯૩૦-૩૨ – સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ માટે જેલવાસ
- ૧૯૩૩ - કોંગ્રેસના બંધારણનું ઘડતર
- ૧૯૩૭-૩૯ – મુંબઇ રાજ્યમાં ગૃહપ્રધાન
- ૧૯૩૮ - ભારતીય વિદ્યાભવનની સ્થાપના
- ૧૯૩૮ - કરાચીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ
- ૧૯૪૨-૪૬ - ગાંધીજી સાથે મતભેદ અને કોંગ્રેસ ત્યાગ અને પુન:પ્રવેશ
- ૧૯૪૬- ઉદયપુરમાં અખિલ ભારત હિન્દી સાહિત્ય પરિષદના પ્રમુખ
- ૧૯૪૮ - સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર
- ૧૯૪૮ - હૈદરાબાદના ભારતમાં વિલીનીકરણમાં મહત્વની ભૂમિકા
- ૧૯૪૮ - ભારતનું બંધારણ ઘડવા રચાયેલી સમિતિમાં સભ્ય
- ૧૯૫૨-૫૭ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો

- ૧૯૫૭ - રાજાજી સાથે સ્વતંત્ર પક્ષમાં ઉપપ્રમુખ
- ૧૯૫૪ - વિશ્વ સંસ્કૃત પરિષદની સ્થાપના અને પ્રમુખ
- ૧૯૫૯ - 'સમર્પણ' માસિકનો પ્રારંભ
- ૧૯૬૦ - રાજકારણમાંથી નિવૃત્ત

## સર્જન

કનૈયાલાલ મુન્શીની પહેલી નવલકથા 'પાટણની પ્રભુતા' જે તેમણે ઘનશ્યામના નામે લખી હતી. જ્યારે પાટણની પ્રભુતાને આવકાર મળ્યો ત્યાર પછી તેમણે પોતાના સાચા નામે ગુજરાતી સાહિત્યમાં લખવાનુ શરૂ કર્યું. 'જય સોમનાથ' એ 'રાજાધિરાજ' પછી લખાયેલ કૃતિ છે, પણ હંમેશા પહેલી ગણાય છે.

જીવનના અંતિમ વર્ષોમાં તેઓ કૃષ્ણભક્તિ તરફ વળ્યા હતા અને એટલે તેમની છેલ્લી રચના કૃષ્ણાવતાર છે, જે અધુરી છે.

તેમણે લખેલા સાહિત્યમાં કેટલીક ઉલ્લેખનીય રચનાઓ નીચે મુજબ છે.

- ગુજરાતનો નાથ
- પાટણની પ્રભુતા
- પૃથ્વી વલ્લભ
- કૃષ્ણાવતાર ભાગ ૧ થી ૮
- રાજાધિરાજ
- જય સોમનાથ
- ભગવાન કૌટિલ્ય
- ભગ્ન પાદુકા
- લોપામુદ્રા
- લોમહર્ષિણી
- ભગવાન પરશુરામ
- વેરની વસુલાત
- કોનો વાંક
- સ્વપ્નદ્રષ્ટા
- તપસ્વિની
- અડધે રસ્તે
- સીધાં ચઢાણ
- સ્વપ્નસિદ્ધિની શોધમાં
- પુરંદર પરાજય
- અવિભક્ત આત્મા
- તર્પણ
- પુત્રસમોવડી
- વાવા શેઠનું સ્વાતંત્ર્ય
- બે ખરાબ જણ
- આજ્ઞાંકિત

# કાકાસાહેબ કાલેલકર

| કાકાસાહેબ કાલેલકર | |
|---|---|
| જન્મની વિગત | ૧ ડિસેમ્બર,૧૮૮૫<br>સતારા,મહારાષ્ટ્ર |
| મૃત્યુની વિગત | ૨૧ ઓગસ્ટ, ૧૯૮૧ |
| અભ્યાસ | બી.એ. એલ.એલ.બી. |
| વ્યવસાય | કેળવણી,સાહિત્યકાર |
| વતન | કરવાર જિલ્લો,કર્ણાટક |

| | |
|---|---|
| ખિતાબ | પદ્મવિભૂષણ-૧૯૬૪ |
| માતા-પિતા | રાધાબાઇ, બાલકૃષ્ણ કાલેલકર |

# પરીચય

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**, 'કાકાસાહેબ' (૧-૧૨-૧૮૮૫, ૨૧-૮-૧૯૮૧), નિબંધકાર, પ્રવાસલેખક.
જન્મ મહારાષ્ટ્રના સતારામાં. મરાઠીમાં પ્રાથમિક શિક્ષણ પુના, શાહપુર, બેલગામ, જત, સાધનુર અને ધારવાડ વગેરે સ્થળેથી લઈને ૧૯૦૩માં મેટ્રિક. ૧૯૦૭માં પૂનાની ફર્ગ્યુસન કોલેજમાંથી ફિલોસોફી વિષય સાથે બી.એ. ૧૯૦૮માં એલ.એલ.બી.ની પ્રથમ વર્ષની પરીક્ષા. ૧૯૦૮માં બેલગામમમાં ગણેશ વિદ્યાલયમાં આચાર્ય. ૧૯૦૯માં મરાઠી દૈનિકમાં. ૧૯૧૦માં વડોદરાના ગંગનાથ વિદ્યાલયમાં . ૧૯૧૨માં વિદ્યાલય બંધ થતાં હિમાલયના પગપાળા પ્રવાસે. ૧૯૧૫થી શાંતિનિકેતનમાં. ૧૯૨૦થીગુજરાત વિદ્યાપીઠમાં પ્રાચીન ઇતિહાસ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદો અને બંગાળીના અધ્યાપક. અહીં ગુજરાતી જોડણીકોશનું કામ એમણે સંભાળેલું. ૧૯૨૮માં વિદ્યાપીઠના કુલનાયકપદે. ૧૯૩૪માં વિદ્યાપીઠમાંથી નિવૃત્તિ. ૧૯૩૫માં 'રાષ્ટ્રભાષા સમિતિ'ના સભ્યપદે રહી હિન્દી ભાષાના રાષ્ટ્રીય કક્ષાએ પ્રચારનું કાર્ય. ૧૯૪૮થી ગાંધી સ્મારક નિધિ, મુંબઈમાં અને ૧૯૫૨થી એ દિલ્હીમાં ખસેડાઈ ત્યારે દિલ્હીમાં સ્મારક નિધિના કાર્યમાં જીવનનાં છેલ્લાં વર્ષો સુધી વ્યસ્ત. દશેક વખત કારાવાસ ભોગવેલો અને પાંચેક વખત વિદેશપ્રવાસ ખેડેલો. ૧૯૫૨માં રાજ્યસભાના સંસદસભ્ય તરીકે ને ૧૯૫૩માં 'બેકવર્ડ ક્લાસ કમિશન'ના પ્રમુખ તરીકે તેઓ નિયુક્ત થયેલા. ૧૯૫૯ના 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના વીસમા અધિવેશનના પ્રમુખ. ૧૯૬૪માં 'પદ્મવિભૂષણ'નો ઈલ્કાબ અને ૧૯૬૫નું સાહિત્ય અકાદમી, દિલ્હીનું પારિતોષિક.

## સાહિત્ય પરીચય

ગાંધીજીના અંતેવાસીઓમાંના દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર પાસેથી ભારતીય સંસ્કૃતિનું સમુચિત ગૌરવ કરતું ચિંતનલક્ષી સાહિત્ય અને વિરલ પ્રવાસનિબંધો મળ્યાં છે. એ પૈકી 'હિમાલયનો પ્રવાસ' પુરાણ, ધર્મ, ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિની રમણીય યાત્રા બની રહે છે. તો લલિત નિબંધ એક સ્વનિર્ભર સાહિત્યિક સ્વરૂપ તરીકે તેમના નિબંધોથી પ્રતિષ્ઠિત થાય છે. શુદ્ધ કલ્પનાપ્રાણિત નિબંધો ઉત્તમ રૂપે અને વિપુલ સંખ્યામાં પ્રથમવાર તેમની પાસેથી મળે છે. 'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'જીવનલીલા', 'ઓતરાતી દીવાલો' વગેરે સંગ્રહોમાં આ પ્રકારની લલિતરચનાઓ છે. તેમા ગદ્યસામર્થ્યને કારણે –ગાંધીજી—તરફથી તેમને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ મળેલું.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

'હિમાલયનો પ્રવાસ' (૧૯૨૪), 'બ્રહ્મદેશનો પ્રવાસ' (૧૯૩૧), 'પૂર્વ આફ્રિકામાં' (૧૯૫૧), 'શર્કરાદ્રિપ અને મોરેશિયસ' (૧૯૫૨), 'રખડવાનો આનંદ' (૧૯૫૩), 'ઊગમણો દેશ' (૧૯૫૮) એ એમના પ્રવાસગ્રંથો છે. સ્થળની સૂક્ષ્માતિસૂક્ષ્મ ખાસિયતો અને સ્થળસંદર્ભે ચિત્તમાં જાગતાં સ્મૃતિસાહચર્યોને તેઓ આલેખે છે, પરિણામે આ પ્રવાસગ્રંથોની સામગ્રી માત્ર માહિતીમૂલક લેખો ન

બની રહેતાં નિબંધનું રૂપ ધારણ કરે છે. 'સ્મરણયાત્રા' (૧૯૩૪) આત્મકથા ન બનતાં શૈશવના પ્રસંગોને આત્મનેપદી શૈલીમાં રજૂ કરતી સંસ્મરણકથા બની રહે છે. 'બાપુની ઝાંખી' (૧૯૪૬) અને 'મીઠાને પ્રતાપે' (૧૯૫૫) જેવા ગ્રંથો બાપુના પૂર્ણરૂપના જીવનચરિત્ર વિષયક ગ્રંથનું સ્વરુપ ધારણ ન કરતાં જીવનચરિત્ર માટેની શ્રદ્ધેય વિષયસામગ્રી પૂરી પાડતા ગ્રંથો બની રહે છે. 'ધર્મોદય' (૧૯૫૨)માંથી કાકાસાહેબની ધર્મભાવના અને શ્રદ્ધાનું રૂપ દ્રષ્ટિગોચર થાય છે. 'શ્રી નેત્રમણિભાઈને' (૧૯૪૭), 'ચિ.ચંદનને' (૧૯૫૮) અને 'વિદ્યાર્થિનીને પત્રો' (૧૯૬૪)માં તે વ્યક્તિઓને લખેલા એમના પત્રો સંગ્રહિત છે. એમણે, ગાંધીજીએ જુદી જુદી વ્યક્તિઓને લખેલા પત્રોનાં છએક જેટલાં સંપાદનો પણ તૈયાર કરેલાં. 'પ્રાસંગિક પ્રતિસાદ' (૧૯૭૦) એ એમની ડાયરીના અંશો ધરાવતી ડાયરી શૈલીની નોંધોનો સંગ્રહ છે. અહીં ચરિત્રાત્મક સાહિત્યનાં આત્મચરિત્ર, જીવનચરિત્ર જેવાં સ્વરૂપો ગૌણસ્વરૂપે, તો પત્રો અને ડાયરી જેવાં ગૌણસ્વરૂપો મુખ્યરૂપે એમની પાસેથી પ્રાપ્ત થાય છે.

એમનું ચિંતનાત્મક લખાણ સંસ્કૃતિ, કલા અને સાહિત્ય-એમ ત્રિવિધ ક્ષેત્રે વહેંચાયેલું છે. 'ઓતરાતી દીવાલો' (૧૯૨૫), 'જીવતા તહેવારો' (૧૯૩૦), 'જીવનસંસ્કૃતિ' (૧૯૩૬), 'જીવનભારતી' (૧૯૩૭), 'ગીતાધર્મ' (૧૯૪૪), 'જીવનલીલા' (૧૯૫૬), 'પરમસખા મૃત્યુ' (૧૯૬૬)માંથી એમનું સંસ્કૃતિચિંતન તેમ જ 'જીવનનો આનંદ' (૧૯૩૬), 'જીવનવિકાસ' (૧૯૩૬), 'અવારનવાર' (૧૯૫૬), 'જીવનપ્રદીપ' (૧૯૫૬), 'રવીન્દ્રસૌરભ' (૧૯૫૬), 'ગુજરાતમાં ગાંધીયુગ' (૧૯૭૦), ઈત્યાદિ ગ્રંથોમાંથી એમનું કળા અને સાહિત્ય વિષયક ચિંતન પ્રાપ્ત થાય છે. એમના સાહિત્યચિંતનમાંથી સાહિત્યનાં પ્રયોજન અને કાર્ય, સાહિત્યની કસોટી, શક્તિ અને સફળતા વિશે, સાહિત્ય અને નીતિ, જીવનમૂલ્યો વગેરે વિશેના વિચારો મળે છે. શૃંગાર, વીર, કરુણ વગેરે રસોની શક્તિ અને કાર્ય વિશે એમણે કરેલી પરીક્ષા તથા પ્રશિષ્ટ ગ્રંથોના સેવનની એમણે કરેલી હિમાયત આજે પણ એટલી જ પ્રસ્તુત અને ઉપયોગી છે.

એમના વિપુલ સાહિત્યમાંથી કેટલાક વિચારપ્રધાન, લલિત અને અંગત નિબંધોના પણ સુંદર ઉદાહરણો મળે છે. એમનું મોટા ભાગનું સાહિત્ય શિક્ષણ અને પત્રકારત્વની કામગીરીની નીપજરૂપ છે.

એમણે પત્રકારત્વ ક્ષેત્રે જે પ્રદાન કર્યું છે તેનું ઘણું મૂલ્ય છે. પ્રારંભમાં ૧૯૦૯માં લોકમાન્ય તિલકના મરાઠી પત્ર 'રાષ્ટ્રમત'માં સેવાઓ આપેલી. પછી ૧૯૨૨ થી 'નવજીવન'માં જોડાયેલા. એમણે લખેલા તંત્રીલેખો તથા 'શિક્ષણ અને સાહિત્ય' ની વિષયસામગ્રી ધ્યાનાર્હ બની રહે એ કોટિની છે. ૧૯૩૬ થી 'ભારતીય સાહિત્ય પરિષદ'ના હિન્દી મુખપત્ર 'હંસ' ના સંચાલનમાં એમણે સેવાઓ આપેલી. હિન્દીના પ્રચારાર્થે 'વિહંગમ'માં સંપાદકપદે પણ રહેલા. ૧૯૩૭ થી ગાંધીવિચારધારાના પ્રચારાર્થે 'સર્વોદય' શરૂ કરેલું. ૧૯૪૮ માં એમણે 'મંગલપ્રભાત' શરૂ કરેલું, જે ૧૯૭૫ સુધી ચાલેલું. ગુજરાતી ઉપરાંત હિંદી અને મરાઠી ભાષામાં પણ એમણે પત્રકારત્વની કામગીરી કરી છે. એક નીડર અને મૂલ્યનિષ્ઠ પત્રકાર રહીને એમણે પ્રકાશિત કરેલી સામગ્રીને કારણે એમને અનેક વખત કારાવાસની સજા થયેલી. ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યમાં કાકાસાહેબનું સ્થાન સીમાસ્તંભ કોટિનું છે. જીવનવાદી કલામીમાંસક-વિચારક કાકાસાહેબનું ગદ્ય ગુજરાતી ગદ્યના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરે છે. એમને 'સવાઈ ગુજરાતી' સર્જક તરીકેનું બિરુદ આ કારણે જ મળેલું. ભાવ, ભાષા અને અભિવ્યક્તિ સંદર્ભે એમના નિબંધોનું ઊંચું મૂલ્ય અંકાયું છે.

**હિમાલયનો પ્રવાસ (૧૯૨૪) :** કાકાસાહેબ કાલેલકરે આ લેખમાળા એક હસ્તલિખિત માસિક માટે સાબરમતી આશ્રમના સાથીઓ તથા વિદ્યાર્થીઓ ખાતર શરૂ કરેલી. પ્રવાસમાં લેખકની સાથે સ્વામી આનંદ અને અનંત બુવા મરેઢકર હતા. ચાલીસ દિવસના પ્રવાસની આ લેખમાળા, પ્રવાસ પછી સાત વર્ષે ૧૯૧૯ માં શરૂ થઈ અને પંદર વર્ષ ચાલુ રહી. આ કારણે લેખકના જીવનરસનાં બદલાતાં વલણો આ પ્રવાસગ્રંથમાં જોઈ શકાય છે.

પ્રવાસનોંધના ચુંવાલીસ પ્રકરણો માત્ર હિમાલયપ્રવાસનાં નથી; એમાં પ્રયાગ, કાશી, ગયા, અયોધ્યા અને બેલુડ મઠની યાત્રાનો પણ સમાવેશ થયેલો છે. પ્રવાસનો આરંભ હરિદ્વારથી અને અંત જમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ તથા બદરીનાથ સમીપે થાય છે. પ્રવાસવર્ણનમાં હિમાલયનો વૈભવ, નદીઓ તેમ જ વનની શોભા, સ્થળ-સ્થળના લોકજીવનની વિશેષતાઓ, સાધકો-યોગીઓની કથાઓ, પ્રવાસનાં ઉલ્લાસ તથા આરત વગેરે પ્રભાવક રીતે રજૂ થયાં છે.

**રખડવાનો આનંદ (જૂન, ૧૯૫૩) :** દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનો દેશદર્શનનો આનંદ વ્યક્ત કરનારા લેખોનો સંગ્રહ. જુદાં જુદાં તીર્થો અને કલાસ્થળોનો અહીં સૌન્દર્યમર્મી લેખકે રાષ્ટ્રીય અસ્મિતા, સાંસ્કૃતિક સજગતા અને ધાર્મિક ઉત્કટતાથી પરિચય કરાવ્યો

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

છે. 'દેશદર્શન એ મારે મન દેવદર્શનનો જ ભાગ છે' એવી અહીં આ લેખકની પ્રતિજ્ઞા છે. 'દક્ષિણને છેડે' થી શરુ થતાં બાહુબલી, વસઈનો કિલ્લો, દેલવાડા, ભુવનેશ્વર સહિત કુતુબમિનાર, તાજમહાલ વગેરે સ્થળોનાં પરિચયવર્ણનોમાં ભારતીયતાની ગવેષણા છે; તો સાથે સાથે ધર્મ, સમાજ, સંસકૃતિ, જીવનવ્યવસ્થાદિ અંગેનું રસપ્રદ ચિંતન પણ છે. સ્વરાજસેવાનાં અનેક કામોને નિમિત્તે દેશમાં ફરવું પડયું અને જે જોયું તેની અહીં કલાપ્રસ્તુતિ છે.

**સ્મરણયાત્રા (૧૯૩૪) :** કાકાસાહેબ કાલેલકરનો, નાનપણનાં કેટલાંક સ્મરણોનો સંગ્રહ. આ સ્મરણો દ્વારા લેખકનો ઉદ્દેશ આત્મકથા આપવાનો નથી, પરંતુ પોતાના બાળપણનાં ભિન્નભિન્ન ભાવપ્રતિભાવો, ગુણદોષો, જયપરાજય, ક્ષુદ્ર અહંકાર અથવા સહજ સ્વાર્થત્યાગની વૃત્તિ વગેરેને નિખાલસતાથી રજૂ કરવાનો અને તેની મારફતે બાળકો તથા યુવાનો સાથે સમભાવ કેળવવાનો છે. આમ કરવા જતાં કાલાનુક્રમ જળવાયો નથી; છતાં સંગ્રહનાં કુલ તોત્તેર સંસ્મરણલખાણોમાં એકસૂત્રતા અવશ્ય જળવાઈ છે.

અહીં સંચિત સ્મરણો મોટે ભાગે કૌટુંબિક જીવનનાં તેમ જ મુસાફરી અંગેના છે. જયાં જયાં જવાનું થયું ત્યાંનું લોકજીવન, તથા ત્યાંનાં પ્રકૃતિસૌંદર્ય, ઉત્સવો અને વ્રતો ઉપરાંત મન ઉપર કાયમી છાપ મૂકી ગયેલી વ્યક્તિઓ અને પ્રસંગો-આ સંગ્રહની મુખ્ય સામગ્રી છે. શાહપુર, બેળગુંદી, સાતારા, બેલગામ, સાવંતવાડી, કારવાર, પૂના, મીરજ, સાંગલી, સાવનૂર ઈત્યાદિ સ્થળો સાથે જોડાયેલો ભાવાનુબંધ પ્રત્યેક સ્થળની વિશેષતાઓ સાથે અહીં પ્રગટ થયો છે. અહીં બોધ નથી, જીવનદર્શનની નવીનતા અને કુતૂહલ છે; અને એ માટે લેખકનું રસાળ ગદ્ય ઉપકારક બન્યું હોઈ સર્વથા આસ્વાદ્ય છે.

**ઓતરાતી દીવાલો (૧૯૨૫) :** અસહકારની લડતમાં ભાગ લેવા બદલ સાબરમતી જેલવાસ દરમિયાન પશુપંખી અને વનસ્પતિસૃષ્ટિનાં વિશિષ્ટ સંવેદનો આલેખતું દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનું લઘુપુસ્તક. અહીં ચાર દીવાલો વચ્ચેની આનંદયાત્રા છે. કુદરતઘેલા લેખકની, આ લખાણોમાં ઉપદેશ, પ્રચાર, ડહાપણ કે વિદ્વત્તાને સ્થાને અનુભવી, સુખદુઃખની અને કલ્પનાની આપલે છે. લેખકના દુનિયા તરફના પ્રેમે અને એમની ખુશમિજાજીએ બંધિયાર જેલજીવનની વચ્ચે પણ કીડીઓ, ખિસકોલીઓ, કાગડાઓ, બિલાડીઓ, વાંદરાઓ, વંદાઓ, કાનખજૂરા જેવા જીવલોકને સૌન્દર્યપરખ નજરથી ઝડપ્યો છે. દીવાલોમાંથી મળતી આકાશ અને તારાનક્ષત્રની ઝલકોએ લેખકના એકાન્તના કુતૂહલને ઉત્તેજ્યું છે. નિરુપણમાં રહેલી હળવાશ અને વિનોદવૃત્તિએ તેમ જ પ્રસન્નરુચિએ લેખનનું લલિતરૂપ ધારણ કર્યું છે.

**જીવનલીલા (૧૯૫૬) :** કાકા કાલેલકરના પ્રકૃતિવિષયક સીત્તેર સંસ્મરણાત્મક લેખોનો સંગ્રહ. ભારતમાં ઠેરઠેર ફરીને પ્રવાસી તરીકે ભારતના પહાડો, એની નદીઓ, એનાં સરોવરો અને સંગમ સ્થાનોનાં જે ચિત્રો લેખકે ઝીલ્યાં છે એને અહીં દેશભક્તિના દ્રવ્યથી રંગ્યા છે. સરલ ભાષા છતાં ચેતનધબકતી શૈલી સાથે પ્રકૃતિના સૌન્દર્યને ખડાં કરતાં વર્ણનોથી આ ગ્રંથ પ્રવાસ સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

**જીવનનો આનંદ (૧૯૩૬) :** કળા અને કુદરતવિષયક લેખોને સમાવતું દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનું પુસ્તક, મંદવાડના દિવસોમાં તેમ જ જેલની કોટડીમાં રાખેલી વાસરીની નોંધો હોવા છતાં એમાં કાલેલકરનો આત્મનેપદી પ્રધાનસૂર આસ્વાદ્ય છે. જીવનનો આનંદધર્મ અહીં વિવિધ રીતે પ્રગટ્યો છે. 'પ્રકૃતિનું હાસ્ય', 'અનંતનો વિસ્તાર', 'નિવૃત્તિમાં નિરીક્ષણ', 'રખડવાનો આનંદ' અને 'જીવનનો ઓપ' એમ કુલ પાંચ ખંડોમાં આ પુસ્તક વહેંચાયેલું છે. પ્રકૃતિદર્શન, આકાશદર્શન અને કલાદર્શનથી રસાયેલું લેખન અહીં સૌન્દર્યબોધ અને કેવળ આનંદને તાકે છે. હાસ્યવિનોદ અને નર્મ-મર્મના સહજ તંતુઓએ આ લેખનને સમૃદ્ધ વ્યક્તિતા અર્પી છે.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ

www.tethtatguru.com ની મુલાકાત લો

**જીવનવ્યવસ્થા (૧૯૬૩) :** કાકાસાહેબ કાલેલકરના ધર્મવિચારવિષયક લખાણોનો સંગ્રહ. 'વિવિધ ધર્મો', 'ધાર્મિક સુધારણા', 'ધર્મગ્રંથો વિષયક', 'રહસ્યનું ઉદઘાટન','મંદિરો' તથા 'પ્રાસંગિક અને પ્રકીર્ણ' એમ છ ખંડોમાં વિભાજિત આ લખાણોમાં બૌદ્ધધર્મ,

જૈનધર્મ, આર્યસમાજ, પ્રાર્થનાસમાજ જેવાં ભારતની અંદર પ્રસરેલાં ધર્મો અને ધાર્મિક વિચારધારાઓ વિશેના લેખો છે; પરંતુ હિંદુધર્મ, તેનાં સિદ્ધાંતો, તેનું વ્યવહારમાં પ્રત્યક્ષ થતું રૂપ એ વિશેના લેખોનું પ્રમાણ વિશેષ છે. વેદ, ઉપનિષદ, ગીતા અને મરાઠી ભક્તિપરંપરાથી પુષ્ટ થયેલી, ગાંધીજીના વિચારો અને ગાંધીશૈલીના ચિંતકોથી પ્રભાવિત આ વિચારણા કોઈ ધર્મચિંતકની સિદ્ધાંતોના ખંડનમંડનની શાસ્ત્રીય શૈલીને બદલે લોકકેળવણીકારની લોકભોગ્ય શૈલીમાં થયેલી છે અને ધર્મને સમાજના સંદર્ભમાં જુએ છે. લેખક માને છે કે દરેક ધર્મનાં બે રૂપ હોય છે. એક જીવનના સત્યને પ્રગટ કરતું સનાતન રૂપ અને બીજું એ ધર્મનું પાલન કરતાં મનુષ્યોની સમાજવ્યવસ્થા અને તેમના આચારવિચારોમાં પ્રત્યક્ષ થતું એ સત્યનું સામાજિક રૂપ. ધર્મનું સામાજિક રૂપ જયારે ધર્મના સત્યરૂપને પોષવાને બદલે રૂંધવા માંડે ત્યારે યુગસંદર્ભ પ્રમાણે એને બદલવું પડે. લેખકને લાગે છે કે હિંદુધર્મનું સત્યદર્શન અને એનું વર્તમાનયુગમાં પ્રત્યક્ષ થતું સામાજિક રૂપ એ બંને વચ્ચે ઘણો વિરોધ છે. અહિંસા, અસ્પૃશ્યતા, સર્વધર્મસમભાવ ઇત્યાદિ ગાંધીજીએ વ્યકત કરેલા વિચારો પર રચાયેલો ભારતીય સમાજ હિંદુ ધર્મના સત્યને મૂર્ત કરનારો બની શકે. આમ લેખકની વિચારણા ધર્મસંસ્કરણ અને બની રહે છે.

કાકાસાહેબને જીવનધર્મી સાહિત્યકાર તરીકે ઓળખી શકાય. તેમણે પોતે જ આપેલું એક વિધાન જોઈએ: 'ઉપાસના કરવા લાયક જો કોઈ દેવતા હોય તો તે જીવનદેવતા જ છે. પણ જીવનદેવતાની ઉપાસના કપરી હોય છે. માણસને માટે જો કાંઈ પણ હિતમય હોય તો તે જીવનદેવતાને ઓળખવું એ જ છે. જીવનદેવતા બહુરૂપિણી છે.' આ અવતરણમાં કાકાસાહેબના જીવનની સમગ્ર ફિલસૂફી તેના પૂરા અર્થમાં પ્રગટ થઈ છે. ગાંધી વિચારધારાના લેખકમાં કાકાસાહેબ કાલેલકરનું નામ હરોળમાં છે. રાષ્ટ્રપિતા ગાંધીજી દ્વારા 'સવાઈ ગુજરાતી'નું બહુમાન પામનાર કાકાસાહેબનું નામ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.

## જન્મ અને શિક્ષણ

તેમનો જન્મ ઈ.સ.૧૮૮૫માં સતારામાં થયો હતો. તેમની મૂળ અટક રાજાધ્યક્ષ હતી. પરંતુ સાવંતવાડી વિસ્તારમાં આવેલા કાલેલી ગામના વતની હોવાથી તેઓ કાલેલકર તરીકે ઓળખાયા. તેઓ માતાપિતાનું પાછલી વયનું સંતાન હોવાથી ખૂબ લાડકોડમાં ઊછર્યા હતા. પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં તેમણે ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. તેમને નાનપણથી જ પ્રવાસનો ઘણો શોખ હતો. તેઓ આજીવન કુદરતપ્રેમી , પ્રવાસી , પરિવ્રાજક બની રહ્યા. તેઓ વિવિધ ભાષાઓ શીખવાના શોખીન હતા.ગુજરાતી ભાષામાં તેમણે ગૌરવપ્રદ સાહિત્યસેવા કરી છે.

## સાહિત્ય ક્ષેત્રે યોગદાન

તેમણે વડોદરાના ગંગાનાથ મહાલયના આચાર્ય તરીકે સેવાઓ આપી હતી. રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનની શિક્ષણસંસ્થામાં પણ શિક્ષણકાર્યનો અનુભવ લીધો હતો.આ બધાની ફલશ્રુતિરૂપ કાકાસાહેબમાં સુધારક ધર્મદ્રષ્ટિ , કલાદ્રષ્ટિ , ભારતીય જીવનદ્રષ્ટિ અને રાજકીય ઉદ્દામવાદી વિચારોનો જન્મ થયો હતો..

કાકાસાહેબે નિબંધ , પ્રવાસકથા , આત્મવૃતાંત , પત્રલેખના , સાહિત્યવિવેચન આદિ મારફતે ગુજરાતી ગદ્યના વિવિધ પ્રકારો ખેડ્યાં છે.કાકાસાહેબના નિબંધો વર્ણ્ય વિષય કે પ્રસંગને રસાવહ બનાવે તેવી સર્જકશૈલી એમનાં લેખોમાં હોય છે તેથી કાકાસાહેબના નિબંધો સર્જનાત્મક કોટિના બન્યા છે. તેમણે જેલજીવનથી માંડી મૃત્યુ સુધીના વિષયો પર ચિંતન કર્યુ છે તેમ છતાં એવા પણ નિબંધો છે જે વિષયનું ભારેખમપણું ઓગાળી દે. આમ , ચિંતનાત્મક નિબંધો અને સર્જનાત્મક નિબંધો એમ બંને પ્રકારના નિબંધો કાકાસાહેબ પાસેથી આપણને મળે છે. ગુજરાતી ગદ્યમાં લલિત નિબંધ એ કાકાસાહેબનું મહત્વનું અર્પણ બની રહ્યો છે.

- 'જીવનનો આનંદ' , 'જીવનભારતી' , 'જીવનસંસ્કૃતિ' , 'રખડવાનો આનંદ' – વગેરે તેમણે લખેલા લલિત - સર્જનાત્મક સ્વરૂપના નિબંધના ખૂબ સરસ પુસ્તકો છે.

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

- 'હિમાલયનો પ્રવાસ' , 'બ્રહ્મદેશનો પ્રવાસ' , 'પૂર્વ આફ્રિકામાં' , 'ઊગમણો દેશ જાપાન' – વગેરે પ્રવાસના પુસ્તકો છે.
- 'સ્મરણયાત્રા' – તેમની આત્મકથાનું પુસ્તક છે.
- 'જીવનલીલા' – માં લોકમાતા નામે અગાઉ પ્રસિધ્ધ થયેલા નદીવિષયક લેખો સંગ્રહાયા છે.
- 'ઓતરાતી દીવાલો' – માં સ્વાતંત્ર્ય – લડતના ભાગરૂપ તેમના જેલવાસ દરમિયાન તેમણે કરેલું કુદરતની સૃષ્ટિનાં જીવજંતુ –પંખીઓ –પ્રાણીઓની જીવનલીલાનું સૂક્ષ્મ છતાં રસાળ અવલોકન છે.
- 'બાપુની ઝાંખી' - સંસ્મરણોનું પુસ્તક
- 'ચિ.નેત્રમણિભાઈને' , 'ચિ.ચંદનને' – વગેરે પત્ર સાહિત્ય આપતાં પુસ્તકો પણ છે.
- 'જીવનભારતી' - સાહિત્યવિષયક લખાણો – માં ગ્રંથસ્થ થયેલાં છે.
- 'જીવનનો આનંદ' - લલિત નિબંધો : આ ગ્રંથ તેમણે ઈ.સ. ૧૯૩૬ માં લખ્યો હતો. આ ગ્રંથ બે વિભાગમાં સ્પષ્ટપણે વહેંચાઈ જાય છે. ૧. 'નિવૃતિમાં નિરીક્ષણ' અને ૨. 'પ્રકૃતિનું હાસ્ય' - આ તેના બે વિભાગો છે. આ બધા લલિત નિબંધો તેના વર્ણ્યવિષયને લીધે તો ખરા જ ; સાદી સરળ છતાં ચેતોહર સહજ એવા સજીવારોપણ અલંકારથી કલ્પનાસમૃધ્ધ પણ બન્યાં છે.
- 'રખડવાનો આનંદ' આ પુસ્તક ઈ.સ.૧૯૫૩ માં લખાયું હતું. તેમાં જે નિબંધો સંગ્રહાયા છે તે મુખ્યત્વે વિશાળ ભારતમાં વિવિધ તીર્થધામો અને કલાધામોને લગતા લેખો છે. કાકાસાહેબે એક સરસ અવલોકન કર્યું છે * 'દેશદર્શન એ મારે મન દેવદર્શનનો જ એક ભાગ છે.' એ લલિત નિબંધો બની રહે છે. તેમાં કાકાસાહેબની સૌંદર્યદ્રષ્ટિ , કલાદ્રષ્ટિ અને સવિશેષ તો આજીવન પ્રવાસી એવા આત્માની જીવનદ્રષ્ટિનો આપણને પરિચય થાય છે. કન્યાકુમારીનું મંદિર , નર્મદાતીર પરનું યોગિનીમંદિર , બુધ્ધગયા , બાહુબાલીની મૂર્તિ , દેલવાડાનાં જૈનમંદિરોના પરિચયમાં કાકાસાહેબની હિંદુધર્મ અને સંસ્કૃતિ પરત્વે શ્રધ્ધા અને ભક્તિ સાચા અર્થમાં નિખરી આવતા જોઈ શકાય છે.
- " અજન્ટા " , "તાજમહાલ " , " વૈરાગ્યવૈભવનો વારસો " – માં કલાતીર્થોનો પરિચય તો " દક્ષિણને છેડે " , " સીતા નહાણી " , " પુણ્ય તારાનગરી " વગેરે લેખોમાં પ્રકૃતિદર્શનનો સુભગ પરિચય લેખક કરાવે છે.

- જીવનલીલા : ઈ.સ. ૧૯૫૬ માં તેમણે આ પુસ્તક લખ્યું હતું. કાકાસાહેબે ૧૯૩૪ ના અરસામાં " લોકમાતા " નામે આપણા દેશની પુણ્યસાલિલા સરિતાઓનું સ્તવન કરતા કેટલાક ગદ્યલેખો લખ્યા હતા. તેમાં નદીવિષયક અન્ય લખાણો ઉમેરીને " જીવનલીલા " પુસ્તક તૈયાર થયું છે. સાગર , સરોવર , નદી જળાશયોના દર્શને કવિજીવ કાકાસાહેબની આંખમાં જે ઉલ્લાસ છલકાય છે તેની પ્રતીતિ અહીં ગ્રંથસ્થ થયેલો કોઈ પણ લેખ કરાવે છે.

- "ગંગામૈયા" , "યમુનારાણી" , "ઉભયાન્વયી નર્મદા" , "દક્ષિણગંગા ગોદાવરી" તો કાકાસાહેબની ગદ્યલેખના શૈલીના ઉત્તમ નમૂના બન્યા છે. અને તેની વાચકના ચિત્તમાં કાયમની સ્મૃતિ મૂકી ગયા છે. આ ગ્રંથના નવા શીર્ષકમાં "જીવનલીલા" શબ્દ ઔચિત્ય ધારણ કરે છે. ચૈતન્યમય તત્વનો કેવો આહ્લાદક સ્પર્શ "જીવનલીલા" ના નિબંધો કરાવે છે. તેની પ્રતીતિ થતાં જ ગુજરાતી સાહિત્યમાં નિબંધોનું મૂલ્ય સ્પષ્ટ થાય છે.કાકાસાહેબે લલિત નિબંધનું નવલું રૂપ ગુજરાતી નિબંધસાહિત્યમાં ઉમેર્યું. કવિસહજ મુક્ત અને અવનવીન કલ્પનાઓનો વૈભવ , સહજ અલંકરણ અને સજીવ વર્ણનચિત્રણ , ગદ્યની રસળતી ગતિયદ્યચ્છાવિહારી લેખિનીમાંથી સહજ અંકુરાતાં વાક્યો , બહુશ્રુતતાને કારણે નિબંધમાં પ્રગટતાં સંવેદનોની અવનવી ભાત , જડ પ્રકૃતિને પણ ચેતનથી રસી દેતી તેમની વાણીનું રૂપ તેમના રસિક સંસ્કારી કલાપારખું આત્માની સાહેદી પૂરે છે. આજે તો ગુજરાતી સાહિત્યમાં લલિત નિબંધનું સ્વરૂપ અનેક સર્જકોએ સફળતાપૂર્વક ખેડેલું જોઈ શકાશે. લલિત નિબંધક્ષેત્રે કાકાસાહેબનુંઆ ઉત્તમ પ્રદાન ગણાય.

- નિબંધલેખન જેમ કાકાસાહેબે ઉત્તમ પ્રવાસસાહિત્યનું પણ સર્જન કરેલું છે. " બ્રહ્મદેશનો પ્રવાસ " , " પૂર્વ આફ્રિકામાં " , " ઊગમણો દેશ જાપાન ". ઉપરાંત સૌથી વધુ પ્રખ્યાતિ પામેલું પ્રવાસપુસ્તક છે , - "હિમાલયનો પ્રવાસ ". કાકાસાહેબનાં

પ્રવાસવર્ણનો આપણા સાહિત્યમાં એક નોખી જ ભાત પાડે છે. હિમાલયની યાત્રા એ કાકાસાહેબ માટે કોઈ સામાન્ય પ્રવાસીની યાત્રા નથી. એ તો એક આસ્તિક કવિહૃદયી યાત્રિકની ચિરઝંખના અને ભાવનાની તૃપ્તિવાચક અનુભૂતિ છે. ઈ.સ.૧૯૧૨માં તેમણે આ પ્રવાસ કરેલો. પછી સાત વર્ષ જેટલો સમયગાળો વહી ગયો એટલે સ્મૃતિના ઝાંખા – ઝાંખા આધારે તેનું આલેખન થયું છે , છતાં અત્યંત મનહર કલાકૃતિ જેવી એ ચોપડી બની છે.

- ઓતરાતી દીવાલો : ક્યારેક સ્થળનો મહિમા બતાવતાં – બતાવતાં ધાર્મિક રિવાજોની વિચિત્રતા અને જડતાની કાકાસાહેબે કરેલી હળવી ઠેકડી અને ભાષાની અસરકારકતાને કારણે જન્મેલી સરસતા અને કાવ્યમયતા , આ પુસ્તક પ્રવાસવર્ણનનું છે એમ આપણને ઘડીભર ભુલાવી દે છે અને નવલકથાવાંચન જેટલો રમણીય આહલાદનો અનુભવ કરાવે છે. દા.ત. " નગાધિરાજ " પ્રકરણમાં હિમાલય – પર્વતાધિરાજ હિમાલયનું સમુન્નત ગૌરવપૂર્ણ ચિત્રાંકન અજબ શબ્દદેહ પામ્યું છે. " ઓતરાતીદીવાલો " – નામના પુસ્તકમાં કાકાસાહેબે પ્રકૃતિ વિશે અજબ મનોહર દ્રષ્ટિની ઝાંખી કરાવી છે. કાકાસાહેબની રમૂજીવૃત્તિ , વિનોદવૃત્તિ એમાં ઘણો મોટો ભાગ ભજવે છે. અસહકારની લડતમાં ભાગ લેવા બદલ કાકાસાહેબને અંગ્રેજ સરકારે સાબરમતી જેલમાં કેદ રાખ્યા હતા. એ કારાવાસનો સમયગાળો આ આનંદશોધક જીવનમરમી કેવી અનોખી રીતે કંટાળાજનકતામાંથી આહલાદકતામાં ફેરવી નાંખે છે તે આ પુસ્તકનાં લખાણોમાંથી જોવા મળે છે. "ઓતરાતી દીવાલો "ની સૃષ્ટિમાંથી પસાર થતાં આપણને ભાવક તરીકે એમ લાગે છે કે કાકાસાહેબે કારાવાસની બધી જ દીવાલો કુદાવીને પોતાના મનને અને અને કલ્પનાને વિહંગની જેમ અવકાશમાં મોકળાશથી વિહરતી કરી દીધી છે.

- " સ્મરણયાત્રા " : ઈ.સ.૧૯૩૪માં " સ્મરણયાત્રા " – નામનું પુસ્તક લખ્યું હતું. શાળાજીવન સુધીના આ સંસ્મરણોમાં અવિભક્ત કુટુંબમાં ઘડતર પામતા એક કિશોરના જીવનના ઊછળતા ભાવ – પ્રતિભાવો , આશા – નિરાશાઓ , આકાંક્ષાઓ અને કલ્પનાઓનું મધુર ચિત્ર શબ્દ સાથે ઊપસી આવ્યું છે. " સત્યના પ્રયોગો "ની જેમ અહીં સત્ય ઘટનાઓનું પ્રામાણિક આલેખન થયું છે. " સ્મરણયાત્રા "માં " સામાન્ય માણસના સામાન્ય અનુભવો " સુપેરે આલેખાયા છે. એ રીતે જોઈએ તો કાકાસાહેબે " સ્મરણયાત્રા " દ્વારા ગુજરાતી આત્મચરિત્રના સાહિત્યમાં ગાંધીજી પછી એક કદમ આગળ વધી નરવાપણું દાખલ કર્યું છે.

કાકાસાહેબનું ગદ્ય : ગુજરાતી ગદ્યના ઘડતરમાં કાકાસાહેબનો ફાળો નોંધપાત્ર છે. જન્મે મરાઠી હોવા છતાં ગુજરાતી ભાષા ઉપરનો તેમનો કાબૂ પ્રશંસનીય ગણાય. તેમના જેવું ગદ્યસ્વામિત્વ બહુ ઓછા ગદ્યકારોએ ગુજરાતીમાં સિધ્ધ કરેલું છે. ડૉ.ધીરુભાઈ ઠાકર તેમના ગદ્ય વિશે નોંધે છે કે " એમના ગદ્યમાં બાળકના જેવી મધુર છટા છે તેમ પૌરૂષભર્યું તેજ છે; ગૌરવ છે એટલો જ પ્રસાદ છે. અલંકાર ધારણ કરવા છતાં તેની સાદાઈની સાત્વિક મુદ્રાને આંચ આવતી નથી. "

કાકાસાહેબના ગદ્યમાં પાંડિત્ય અને રસિકતા, આદર્શમયતા અને વ્યવહારદક્ષતા , કવિત્વ અને વિનોદ , સ્વસ્થતા અને રંગદર્શિતા , સંયમ અને સ્વૈરવિહાર , શિવ અને સુંદરનો અદભુત સમન્વય જોવા મળે છે. સંસ્કૃત અને તળપદી ભાષાનો સંગમ કરતું કાકાસાહેબનું ગદ્ય શુધ્ધ , સરળ અને સાત્વિક શૈલીમાં મઢાઈને કાવ્યતત્વની ટોચ સર કરે છે. ડૉ. પ્રમોદકુમાર પટેલ કાકાસાહેબના ગદ્યની ઓળખ આપતા કહે છે કે , "આપણા ગદ્યસાહિત્યમાં તેમણે ખરેખર એક સંસ્કારસમૃધ્ધશૈલી નિર્માણ કરી એ રીતે આપણા સંસ્કારજીવનને સમૃધ્ધ કરવામાં , આપણી રસકીય ચેતનાને પ્રફુલ્લિત કરવામાં તેમજ આપણી ભાષાની ખિલવણીમાં તેમના લલિત નિબંધો અને પ્રવાસગ્રંથોનું વિશેષ યોગદાન રહ્યુ છે."

**ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો**

# કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

**કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા** (જન્મ: ૫ ઓક્ટોબર ૧૮૯૦; અવસાન: ૯ સપ્ટેમ્બર ૧૯૫૨) ચરિત્રકાર, નિબંધકાર અને અનુવાદક તરીકે જાણીતા છે. તેમનો જન્મ મુંબઈમાં થયો હતો અને તેમનું મૂળ વતન સુરત હતું. પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ આકોલામાં મરાઠી ભાષામાં થયો અને આઠ વર્ષની વયે માતાનું અવસાન થતાં, મુંબઈમાં માસી પાસે જઈને રહ્યા અને એમનું શિક્ષણ ગુજરાતીમાં આરંભાયું. શાળાકાળ દરમિયાન મુંબઈમાં પ્લેગ ફાટી નીકળતાં થોડા સમય માટે આગ્રામાં અભ્યાસ કર્યો. ત્યાં હિંદી તથા ઉર્દૂ પણ શીખ્યા. પદાર્થવિજ્ઞાન તથા રસાયણશાસ્ત્રને ઐચ્છિક વિષયો તરીકે રાખી ૧૯૦૯માં મુંબઈની વિલ્સન કોલેજમાંથી બી.એ. અને ૧૯૧૩માં એલ.એલ.બી. થયા. આશ્રમની રાષ્ટ્રીય શાળામાં ૧૯૧૭ થી ૧૯૧૯ સુધી શિક્ષક તરીકે સેવાઓ આપી. ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠના પહેલા મહામાત્ર બનવાનું માન તેમને મળ્યું છે. આ અરસામાં એમને કાકાસાહેબ કાલેલકર મારફતે, આશ્રમમાં કેદારનાથજીનો પરિચય થયો. એમની સાથેની ચર્ચાવિચારણાઓના પરિપાકરૂપે સાંપ્રદાયિક શ્રદ્ધાઓ કે પરંપરાપ્રાપ્ત માન્યતાઓને વિવેકદ્રષ્ટિથી, શાંત અને સ્થિર ચિત્તે ચકાસી, તેમાંથી જીવનોત્કર્ષ સાધક સત્યનું જ ગ્રહણ કરવાની આત્મશક્તિનો ઉદય થયો. જીવનના અને અધ્યાત્મના પ્રશ્નોને જોવાની, સમજવાની અને ઉકેલવાની એમની દ્રષ્ટિમાં આથી આમૂલ પરિવર્તન આવ્યું. ૧૯૩૪ થી ૧૯૩૮ સુધી ગાંધી સેવા સંઘના પ્રમુખ રહ્યાં. દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેતાં ૧૯૩૦, ૧૯૩૨, તથા ૧૯૪૨ માં વધતાઓછા પ્રમાણમાં કારાવાસ પણ ભોગવ્યો. ૧૯૪૬થી જીવનપર્યંત 'હરિજન' પત્રના તંત્રી સ્થાને રહ્યા.

## પુસ્તકો

### ચરિત્રાત્મક નિબંધો

- રામ અને કૃષ્ણ (૧૯૨૩)
- ઈશુ ખ્રિસ્ત (૧૯૨૫)
- બુદ્ધ અને મહાવીર (૧૯૨૬)
- સહજાનંદ સ્વામી (૧૯૨૬)
- જીવનશોધન (૧૯૨૯)
- સમૂળીક્રાંતિ (૧૯૪૮)
- ગાધીવિચારદોહન (૧૯૩૨)
- અહિંસાવિવેચન (૧૯૪૨)
- ગાંધીજી અને સામ્યવાદ (૧૯૫૧)
- કેળવણીના પાયા (૧૯૨૫)
- કેળવણીવિવેક (૧૯૪૯)
- કેળવણીવિકાસ (૧૯૫૦)

### પ્રકિર્ણ

- સ્ત્રીપુરુષમર્યાદા (૧૯૩૭)
- કાગડાની આંખે (૧૯૪૭)
- સંસાર અને ધર્મ (૧૯૪૮)

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## અનુવાદ

- ગીતાધ્વનિ (૧૯૨૩) [‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’નો સમશ્લોકી અનુવાદ]
- વિદાયવેળાએ (૧૯૩૫) [ખલિલ જિબ્રાનકૃત ‘ધ પ્રોફેટ’]
- તિમિરમાં પ્રભા (૧૯૩૬) [તોલ્સ્તોયકૃત ‘ધ લાઇટ શાઇન્સ ઇન ડાર્કનેસ’]
- ઊધઈનું જીવન (૧૯૪૦) [મેરિસ મેટરલિંકકૃત ‘ધ લાઈફ ઑવ ધ વ્હાઇટ ઍન્ટ્સ’]
- માનવી ખંડિયેરો (૧૯૪૬) [પેરી બર્જેસકૃત ‘હૂ વૉક ઍલોન’]

## અન્ય

- જીવનશોધન- ભા. ૧,૨ (૧૯૨૯, ૧૯૩૦)
- સમૂળી ક્રાંતિ (૧૯૪૮)
- ગાંધીજી અને સામ્યવાદ (૧૯૫૧)

# કુન્દનિકા કાપડીઆ

**કુન્દનિકા કાપડિયા (કાપડિયા કુન્દનિકા નરોત્તમદાસ/ દવે કુન્દનિકા મકરંદ)** ‘સ્નેહધન’ એ ગુજરાતી ભાષાના અગ્રગણ્ય વાર્તાકાર, નવલકથાકાર અને નિબંધકાર છે. તેમનો જન્મ જાન્યુઆરી ૧, ૧૯૨૭ના રોજસુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ગામે થયો હતો.

તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગુજરાતના ગોધરા ખાતે તેમણે લીધું હતુ. ત્યારબાદ કોલેજ શિક્ષણ તેમણે ભાવનગર (શામળદાસ કોલેજ)માં પુર્ણ કર્યુ હતુ. ત્યાં તેઓ ૧૯૪૮ માંરાજકારણ અને ઇતિહાસ સાથે બી. એ.(બેચલર ઓફ આર્ટસ)ની ની પદવી મેળવી હતી. ત્યારબાદ તેમણે મુંબઈ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાંથી 'એન્ટાયર પોલીટીક્સ' સાથે એમ. એ.(માસ્ટર ઓફ આર્ટસ)ની પદવી મેળવી હતી.

તેમણે મકરંદ દવે સાથે વલસાડ પાસે 'નંદીગ્રામ' નામનો આશ્રમ સ્થાપ્યો હતો. તેઓ ૧૯૫૫ થી ૧૯૫૭ સુધી ‘યાત્રિક’ અને ૧૯૬૨ થી ૧૯૮૦ સુધી ‘નવનીત’નાં સંપાદક પણ રહી ચુક્યા છે.



કુન્દનિકા કાપડિયા

**ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો**

# સર્જનાત્મક કાર્યો

## નવલિકા

- પ્રેમનાં આંસુ
- વધુ ને વધુ સુંદર
- જવા દઇશું તમને
- કાગળની હોડી

## નવલકથા

- પરોઢ થતાં પહેલા
- અગનપિપાસા
- સાત પગલાં આકાશમાં

## નિબંધ

- દ્વાર અને દીવાલ
- ચંદ્ર તારા વૃક્ષ વાદળ

## પ્રાર્થના

- પરમ સમીપે

## અનુવાદ

- પુરુષાર્થને પગલે
- કિશોર ડિટેક્ટીવ
- વસંત આવશે
- પૂર્ણ કુંભ
- જીવન એક ખેલ
- હિમાલયના સિદ્ધયોગી

**'સાત પગલાં આકાશમાં'** અને **'પરમ સમીપે'** તેમના બહુ જ વખણાયેલાં અને વંચાયેલાં સર્જનો છે. 'સાત પગલા આકાશમાં' ગુજરાતી ભાષાની ઓલટાઈમ ગ્રેટ નવલકથાઓમાંની એક ગણાય છે.

# પ્રેરણા

તેમને મુખ્યત્વે ભારતના ધૂમકેતુ, શરદબાબુ, ટાગોર અને બહારના દેશોના શેક્સપિયર અને ઈબ્સનમાંથી પોતાને સર્જનકાર્યની પ્રેરણા મળી હોવાનું તેઓ જણાવે છે. આ લેખકોના વાંચનથી એમની સાહિત્ય દ્વારા કશુંક યોગદાન આપવાની ભાવના ઘડાઈ.

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## શૈલી, વિવેચન અને કૃતિઓ

એમની પ્રથમ રચના 'પ્રેમનાં આંસુ' વાર્તા છે. 'જન્મભૂમિ' પત્રએ યોજેલી આંતરરાષ્ટ્રીય વાર્તા સ્પર્ધામાં આ વાર્તા પુરસ્કૃત થયેલી. એમના વાર્તાસંગ્રહોમાં 'પ્રેમનાં આંસુ' (૧૯૫૪) તથા 'વધુ ને વધુ સુંદર' (૧૯૬૮), 'કાગળની હોડી' (૧૯૭૮) અને 'જવા દઈશું તમને' (૧૯૮૩) મુખ્ય છે. ફિલસૂફી, સંગીત ને પ્રકૃતિ જેવા વિષયોને વિશેષ રીતે પ્રયોજતી એમની વાર્તાઓમાં રહસ્યમયતા કોઈ ને કોઈ રીતે આલેખાયેલી હોય છે.

એમણે લખેલી **ત્રણ નવલકથાઓ** પૈકી પહેલી 'પરોઢ થતાં પહેલાં' (૧૯૬૮)' જીવનમાં પડેલા દુ:ખના તત્ત્વને અતિક્રમીને મનુષ્ય પોતાના આનંદરૂપ સાથે શી રીતે અનુસંધિત થઈ શકે એ મૂળભૂત પ્રશ્ન છેડીને કલાત્મક ધ્વનિમયતાથી પરોઢનાં આશાકિરણની ઝાંખી કરાવતી કથા છે. 'અગનપિપાસા' (૧૯૭૨)' બુદ્ધિ કરતાં હૃદય પરની આસ્થા પ્રગટ કરીને નવો દ્રષ્ટિકોણ પ્રગટ કરતી કથા છે. 'સાત પગલાં આકાશમાં' (૧૯૮૪)' નામની એમની બહુચર્ચિત દીર્ઘનવલ આધુનિક નારીના વિદ્રોહની કંઈક અંશે દસ્તાવેજી કથા છે.

એમણે છ જેટલા અનુવાદ આપ્યા છેઃ શ્રીમતી લોરા ઈંગ્લસ વાઈલ્ડર નામની લેખિકાની નવલકથાનો અનુવાદ 'વસંત આવશે' (૧૯૬૨) મેરી એલન ચેઝના જીવનના-ખાસ કરી બાળપણના અનુભવોનો સાહિત્યિક સુષમાવાળો અનુવાદ 'દિલભર મૈત્રી' (૧૯૬૩) અને બંગાળી લેખિકા રાણી ચંદના- પ્રવાસવર્ણનનો અનુવાદ 'પૂર્ણકુંભ' (૧૯૭૭), ઉપરાંત એમના પ્રકીર્ણ લેખોનો સંગ્રહ 'દ્વાર અને દીવાલ' (૧૯૫૫), પ્રાર્થનાસંકલન 'પરમસમીપે' (૧૯૮૨) પણ નોંધપાત્ર છે.

**સાત પગલાં આકાશમાં (૧૯૮૪)** : સ્ત્રી અને પુરુષો વચ્ચેના સંબંધોની સંકુલ અને નાજુક સમસ્યાઓના સંદર્ભે નારીજીવનની વ્યથાને નિરુપતી, કુંદનિકા કાપડિયાની નવલકથા, કેટલીક સત્ય ઘટનાઓ અને મુખ્યત્વે વસુધાના પાત્ર દ્વારા સ્ત્રીનું અસ્તિત્વ અને તેની અસ્મિતા વચ્ચેના સંઘર્ષની કથા અહીં આલેખાયેલી છે. અહીં પ્રયોજાયેલું શીર્ષક લાક્ષણિક છે. સાત પગલાં દ્વારા સપ્તપદી-લગ્નજીવનનું વ્યવધાન સુચવાય છે, તો 'આકાશ' દ્વારા એ વ્યવધાનમાંથી મળતી મુક્તિ સુચવાય છે. પરંતુ આ વાત ઉપસાવવા જતાં નાયિકા વસુધાની પડછે વ્યોમેશના પાત્રને સભાનપણે એક પક્ષી, કુંઠિત અને સ્ત્રીઓને અન્યાય કરનારા પુરુષોના પ્રતિંનિધિ જેવું ચીતર્યું છે તેમાં અસંતુલિત આલેખન કળાઈ જાય છે. વળી, ઘણા બધાં પાત્રો અને સમસ્યાઓનું એકસાથે નિરુપણ કરવા જતાં નવલકથાના આકારની સુરેખતા પણ સધાયેલી નથી અને તેથી આનંદગ્રામની યોજનાની વાસ્તવિકતા સંશય પ્રેરે તેવી છે. આમ છતાં પાત્રોનાં મનોવિશ્લેષણો અને મનોમંથનો કથાને રસપ્રદ બનાવે છે.

## પુરસ્કાર

૧૯૮૫માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમને તેમની નવલકથા "સાત પગલાં આકાશમાં" માટે મળ્યો

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.